

## રાજયસભાના ભાજપાના ઉમેદવાર
## શ્રી દીલીપભાઈ પંડયા

ભારતીય જનસંઘની વિચારધારાને યુવાન વયમાં વરેલા શ્રી દીલીપકુમાર શીવશંકર પંડયા સિદ્ધપુર નગર પાટણ જીલ્લાના વતની છે. વ્યવસાયે એડવોકેટ શ્રી દીલીપભાઈ પંડયા ભારતીય જનસંઘ અને ભાજપાના કર્મઠ કાર્યકર છે.

શ્રી દીલીપભાઈ પંડયા ૧૯૬૪થી રાજકીય ક્ષેત્રે વિવિધ જવાબદારીઓ વહન કરતાં આવ્યા છે. ૧૯૭૦માં મહેસાણા લોકસભાના ઈન્ચાર્જ, ૧૯૭૨માં મહેસાણા જીલ્લા જનસંઘના ઉપપ્રમુખ હતા. ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનમાં સક્રિય હતાં. કટોકટીમાં તેઓશ્રીની ધરપકડ થઈ હતી અને ૧ વર્ષનો જેલવાસ તેઓશ્રીએ ભોગવ્યો હતો.

સિદ્ધપુરના ઐતિહાસિક રૂદ્ર મહાલય મુક્તિ આંદોલનમાં તેઓશ્રીએ સક્રિયતાથી ભાગ લીધો હતો. મહેસાણા લોકસભા બેઠકમાં વર્ષો સુધી ઈન્ચાર્જની તેઓશ્રીએ ભૂમિકા નિભાવી છે. સિદ્ધપુર નગરપાલિકાના સતત ૧૨ વર્ષ સુધી પ્રમુખ તરીકે તેઓએ સેવા આપી છે. નગરપાલિકા સેલના ગુજરાતના કન્વીનર તરીકે વર્ષો સુધી તેઓ કાર્યરત હતા. મહેસાણા જીલ્લાના ભાજપાના પ્રભારી તરીકે પણ તેઓશ્રીએ કાર્ય કર્યુ છે. ભાજપાના પ્રદેશ કારોબારી સભ્ય તેમજ રાષ્ટ્રીય પરિષદના સભ્ય તરીકે પણ સેવા આપેલ છે.

૧૯૪૪માં જન્મેલા દીલીપભાઈ પંડયા ૧૯૬૮થી વકીલાત કરી રહ્યા છે અને નોટરી તરીકે કાર્યરત છે.

સિદ્ધપુર શહેરની અનેક ધાર્મિક, સામાજીક અને રાજકીય પ્રવૃત્તિઓમાં દીલીપ પંડયા સક્રિય રહ્યા છે. રાષ્ટ્રવાદી વિચારધારા તેઓશ્રીની નસેનસમાં વહે છે. શ્રી દીલીપભાઈ ચિંતક, રાજકીય વિશ્લેષક અને પ્રભાવી વક્તા છે.



# રાજ્યસભાના ભાજપાના ઉમેદવાર
# શ્રી સ્મૃતિ ઈરાની

ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના રાજ્યસભાના ઉમેદવાર સ્મૃતિ ઈરાની ભારતીય જનતા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્ય કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાના પ્રમુખ તરીકે સમગ્ર દેશમાં એક આગવી છાપ તેઓએ ઉભી કરી છે.

ભારતીય જનતા યુવા મોરચા મહારાષ્ટ્રના ઉપાધ્યક્ષ તરીકે તેઓશ્રીએ (૨૦૦૩-૨૦૦૫) દરમ્યાન અસરકારક કામગીરી બજાવી છે. તેઓશ્રી ચાંદની ચોક બેઠક પરથી ૨૦૦૪માં લોકસભાની ચૂંટણી લડયા હતા. મહારાષ્ટ્ર ભાજપાના મંત્રી તરીકે તેમજ ૨૦૦૩ થી ભાજપાની રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય છે. ભાજપાના રાષ્ટ્રીય મંત્રી તરીકે પણ સ્મૃતિ ઈરાનીએ લગલગાટ બે વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૦ સુધી કાર્ય કર્યું છે.

ગુજરાતમાં મહાનગરપાલિકાની ચૂંટણી હોય કે વિધાનસભા – લોકસભાની તેઓશ્રીએ ભાજપાને વિજય અપાવવા માટે સભાઓ ગજવવાનું કામ કર્યું છે. ભાજપાની રાષ્ટ્રવાદી વિચારધારાને યુવાન વયથી તેઓશ્રી વરેલા છે.

સ્મૃતિ ઈરાની રાષ્ટ્રવાદી વિચારધારા સાથે રાજકીય ક્ષેત્રે કાર્યરત છે તો કલાના ક્ષેત્રે પણ આગવી છાપ ધરાવે છે.

"સાંસ ભી કભી બહુ થી"ની જાણીતી સિરિયલમાં તેઓશ્રીએ કરેલ ભૂમિકાને પરિણામે રાષ્ટ્રના ઘર-ઘરમાં એક ભારતીય નારીનું સન્માન તેઓશ્રીને પ્રાપ્ત થયું છે.

"પીપલ ફોર ચેન્જ" નામના સામાજીક સંગઠનના ઉપક્રમે તેઓશ્રી અનેક સેવાભાવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. અનેક એવોર્ડ તેઓશ્રીને કલાક્ષેત્રની ભૂમિકાને પરિણામે ૩૫ વર્ષની નાની વયમાં પ્રાપ્ત થયા છે.